# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: જાગૃતિ વકીલ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

તારીખ : ૨૭-૦૬-૨૦૨૪ ગુરુવાર                    સમય : સાંજે ૬:25 કલાકે

---

## રાષ્ટ્રપતિ-સંસદ સંબોધન:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું છે કે, સુધાર, પ્રદર્શન અને પરિવર્તનના સંકલ્પે ભારતને વિશ્વમાં સૌથી ઝડપી અર્થવ્યવસ્થા બનાવી દીધી છે. જમ્મૂ કાશ્મીરના લોકોએ લોકસભા ચૂંટણી દરમિયાન થયેલા વિક્રમજનક મતદાન કરી દેશના દુશ્મનોને જવાબ આપ્યો છે. જમ્મૂ કાશ્મીરમાં આ વખતે મતદાનનો દાયકાઓ જૂનો રેકોર્ડ તૂટી ગયો.

સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધીત કરતા રાષ્ટ્રપતિએ કહ્યું કે છેલ્લાં ચાર દાયકાઓમાં કાશ્મીરમાં બંધ અને હડતાળો વચ્ચે મતદાન થયું, અને દેશના દુશ્મનોએ તેનો આંતરરાષ્ટ્રીય મંચો પર કાશ્મીરના વિચારો તરીકે દુષ્પ્રચાર કર્યો. જો કે, આ વખતે કાશ્મીર ખીણ પ્રદેશે આવા તમામ લોકોને જવાબ આપ્યો છે.

રાષ્ટ્રપતિએ તેમના સંબોધનમાં દેશની મહિલાઓ સમૃદ્ધ બની હોવાનો પણ ઉલ્લેખ કર્યો.. 18મી લોકસભાના સત્રની શરૂઆત આ સોમવારથી થઈ હતી. આજથી રાજ્યસભાનું સત્ર શરૂ થયું છે..

- (RNU અમદાવાદ)

---

## શાળા પ્રવેશોત્સવ-રાજ્ય અને કચ્છ:

રાજ્યભરમાં ગઈકાલથી શરુ થયેલ તરી દિવસીય કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પરેશોત્સવ અંતર્ગત  મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે છોટાઉદેપુર ખાતે પી. એમ. શ્રી તાલુકા શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવમાં સહભાગી થઈ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો.

કચ્છના ભચાઉ તાલુકાના આધોઈ ખાતેની પ્રાથમિક શાળામાં અધિક કમિશ્નર અને ગુજરાત મ્યુનીસીપલ ફાઈનાન્સ બોર્ડ ના સીઈઓશ્રી વાહોનિયા એ તો મુન્દ્રા તાલુકાના દેશલપર કંઠીની માધ્યમિક શાળામાં જીલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રજાપતિ એ તથા નખત્રાણા તાલુકામાં નાણા વિભાગના ઉપસચિવ અને કચ્છના વતની નિકિતા ખેતાણી એ બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો.

- (RNU અમદાવાદ)

---

## વરસાદ:

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં ભાવનગર, રાજકોટ સહિતના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે.

જીલ્લા મથક ભુજમાં અસહ્ય ઉકળાટ બાદ બપોરે ૩ વાગ્યા આસપાસ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસતા રસ્તા પર પાણી વહી નીકળ્યા. ભુજમાં વીજળી અને ગાજવીજ સાથે વરસેલા વરસાદ દરમિયાન ઘનશ્યામ નગર વિસ્તારમાં આવેલ એક એપાર્ટમેન્ટ પર વીજળી પડતા એપાર્ટમેન્ટના ચોથા માળની બાલ્કનીનો ભાગ નીચે પડ્યો હતો. આ ઘટનામાં જાનહાની થયાના કોઈ સમાચાર નથી.

જીલ્લા કંટ્રોલ રૂમ દ્વારા મળેલ માહિતી મુજબ આજે સાંજે છ વાગ્યા સુધીમાં વરસાદની આંકડાકીય માહિતી આ મુજબ છે. ભુજમાં ૪૦ મીલીમીટર, નખત્રાણામાં ૩૯, માંડવીમાં ૩૧ અબડાસામાં ૧૫ મીલીમીટર, અંજારમાં ૬, ગાંધીધામમાં ૨ અને ભચાઉ તથા રાપરમાં ૩-૩ મીલીમીટર વરસાદ વરસ્યાના અહેવાલ છે.

દરમિયાન, આગામી ૨૪ થી ૪૮ કલાક દરમિયાન, રાજકોટ, મોરબી, બોટાદ, સુરેન્દ્ર નગર, કચ્છ અમદાવાદ સહીત અનેક સ્થળે ભારે થી અતિ ભારે વરસાદ ની સંભાવના હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. રાજકોટમાં એનડીઆરએફ ની એક ટીમ તૈનાત કરવામાં આવી છે.

- (જાગૃતિ વકીલ, જીલ્લા કન્ટ્રોલ રૂમ)

---

## મુન્દ્રા-ડીહાઈડ્રેશન:

કચ્છમાં અસહ્ય બફા રા ને કારણે મુન્દ્રાની એક શાળામાં 13 બાળકોને ડિહાઇડ્રેશન થતાં તબિયત લથડી હતી. આ બાળકોને પ્રથમ સરકારી ત્યાર બાદ અદાણીની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા. તાત્કાલિક સારવાર આપ્યા બાદ હક્લમાં તમામ ભયમુક્ત છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## અંજાર-ગોવર્ધન એવોર્ડ:

કચ્છના અંજારમાં આવેલા સચ્ચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજ દ્વારા સાહિત્ય, સેવા અને સંગીત ક્ષેત્રે ગોવર્ધન એવોર્ડ આપવાની જાહેરાત સાથે નામો જાહેર કરાયાં હતાં. જુદા-જુદા ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનારા લોકોને બિરદાવવા માટે ગોવર્ધન એવોર્ડ -

2024 અપાશે. આગામી દિવસોમાં યોજાનારા કાર્યક્રમમાં સાહિત્ય ક્ષેત્રે સુરતના પ્રાધ્યાપક ડો. પન્ના ત્રિવેદી તથા સંગીત ક્ષેત્રે કચ્છના મૂળ વાદ્ય જોડિયા પાવાને જીવંત રાખનારા નૂરમામદ સોઢા તેમજ અંજારમાં વર્ષોથી સેવાકીય પ્રવૃત્તિ કરનારા શાંતિલાલ ઠક્કરને એવોર્ડથી સન્માનિત કરાશે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## ગાંધીધામ-બેઠક :

પૂર્વ કચ્છ પોલીસ દ્વારા વ્યાજખોરીની બદી દૂર કરવા અને વ્યાજના વિષચક્રમાં ફસાયેલા લોકોને નવેસરથી પોતાની સુખી જીંદગી જીવી શકે તેવા ઉદ્દેશ સાથે સતત બીજા વર્ષે લોક સંવાદ અને લોન મેળાનું આયોજન કરાયું હતું.

ગાંધીધામના દિન દયાળ હોલ ખાતે પૂર્વ કચ્છ પોલીસ દ્વારા સતત બીજા વર્ષે થયેલા આયોજનમાં છેવાડાના ગામોમાંથી ભોગ બનનાર અરજદારો પહોંચ્યા હતા . પોલીસવડા બાગમાર દ્વારા વ્યાજખોરોના વિષચક્રમાં ફસાયેલા લોકોને નિસંકોચ અને નિશ્ચિંત થઇ પોલીસનો સંપર્ક કરવા અનુરોધ કરાયો હતો.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## મન કી બાત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો શેર કરવા આમંત્રણ આપ્યું છે.

- (RNU અમદાવાદ)

---

## યોગ:

આજે

- (RNU અમદાવાદ)

---

## યોગ:

આજે

- (RNU અમદાવાદ)

---

## યોગ:

**આજે**

- **(RNU અમદાવાદ)**

---